# ડેમોગ્રાફર (વસ્તીશાસ્ત્રી/જનસંખ્યાના અભ્યાસકાર)

ડેમોગ્રાફી એ વસ્તીનું વિજ્ઞાન છે. વસ્તીશાસ્ત્રી ત્રણ મુખ્ય વસ્તી વિષયક પ્રક્રિયાઓ જન્મ, સ્થળાંતર અને વૃદ્ધત્વ (મૃત્યુ સહિત) નો અભ્યાસ કરીને વસ્તીની ગતિશીલતાને સમજવાનો પ્રયાસ કરે છે. મોટાભાગના સંશોધનો મનુષ્યો પર કેન્દ્રિત છે, પરંતુ ઉદાહરણ તરીકે બાયોડેમોગ્રાફીનું એક વિશિષ્ટ ક્ષેત્ર પણ છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે મુદ્દાઓ વિશે ચર્ચા કરવાનું પસંદ કરો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૫,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. જનસંખ્યા અધ્યયન અથવા ડેમોગ્રાફી/એન્થ્રોપોલોજી/ સમાજશાસ્ત્ર/ આંકડાશાસ્ત્ર / અર્થશાસ્ત્ર અથવા સામાજિક વિજ્ઞાનના અન્ય કોઈપણ વિષય સાથે સ્નાતક (BA / B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતક (MSC / MA) કરો અને ત્યાર પછી, Ph.D કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ડેમોગ્રાફરનું અંદાજીત માસિક વેતન
રૂ. ૭૦,૦૦૦ થી ૧,૨૮,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.salaryexpert.com/salary/job/demographer/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પર્યાવરણ સુરક્ષા એજન્સીઓ, વસ્તી ગણતરી બ્યુરો, બજાર સંશોધન સંસ્થાઓ, ખાનગી ઉત્પાદન કંપનીઓ વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. પાર્ટ-ટાઈમ કામ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે. જરૂર પડે ત્યારે વધારાના કલાકો કામ કરવાનું બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → જુનિયર ડેમોગ્રાફર → ડેમોગ્રાફર → સિનિયર ડેમોગ્રાફર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડેમોગ્રાફર, ઈન્યૂમરેટર, ડેમોગ્રાફિ એક્સપર્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ જનસંખ્યા અધ્યયન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ
૨. ગુરુચરણ યુનિવર્સિટી, આસામ
૩. અન્નામલાઈ યુનિવર્સિટી, તમિલનાડુ
૪. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિ
૬. રાણી દુર્ગાવતી વિશ્વવિદ્યાલય, મધ્ય પ્રદેશ
૭. વિક્રમ યુનિવર્સિટી, મધ્યપ્રદેશ
૮. એમ.એસ.યુ., વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
૨. સાલીપુર ઓટોનોમસ કોલેજ, ઓડિશા
૩. પારૂલ યુનિવર્સિટી
૪. ડી.આઈ.ટી. યુનિવર્સિટી, ઉત્તરાખંડ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

પ્રોફેસર **પી.એમ. કુલકર્ણી** ડેમોગ્રાફર છે અને જે.એન.યુ. યુનિવર્સિટી, નવી દિલ્હીમાં વસ્તી અધ્યયન વિષયના નિવૃત્ત પ્રોફેસર છે. તેમણે કોલોરાડો સ્ટેટ યુનિવર્સિટીમાંથી આંકડાશાસ્ત્રમાં પી.એચ.ડી.ની પદવી હાંસલ કરી છે. તેઓ બ્રાઉન યુનિવર્સિટીમાં પોસ્ટ ડોક્ટરલ ફેલો હતા. તેમણે ભારતની વસ્તી ગણતરીની સલાહકાર સમિતિઓ, વિવિધ યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ, સરકારી વિભાગો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સેવા આપી છે. *

સ્રોત:https://www.asianpa.org/104-biosketches/258-purushottam-m-kulkarni.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.